Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# નારીમુક્તિ અંગે ગાંધીજીના વિચારો

**હર્ષદકુમાર એન. પટેલ**
પીએચ.ડી. સ્કોલર, સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા

❖ **પ્રસ્તાવના :-**

મહાત્મા ગાંધીજીનું નામ દુનિયાના મહાન પુરૂષોમાં સામેલ છે. આપણે સૌ તેમને 'મહાત્મા ગાંધીજી', 'બાપુજી', 'સાબરમતીના સંત' અને 'અધનંગા ફકીર' જેવા નામોથી ઓળખીએ છીએ. મહાત્મા ગાંધી એ આપણા ભારત દેશના રાષ્ટ્રપિતા છે. તેમના કાબેલ અને અહિંસક નેતૃત્વમાં અંગ્રેજોની ગુલામીમાંથી ભારતવાસીઓને સ્વતંત્રતા અપાવી. મહાત્મા ગાંધી એક સામાન્ય વિદ્યાર્થી હતા પણ તેઓની અંદર ભવિષ્યને ઓળખવાની શક્તિ હતી. તેઓએ રાજા હરિશ્ચંદ્રના સત્ય પ્રત્યેના પ્રેમથી પ્રભાવિત હતા. તેઓ પોતાના જીવનમાં પણ સત્યનું પાલન કરતા હતા. ગાંધીબાપુએ સ્વતંત્રતા મેળવવા સિવાય ભારતીય સમાજજીવનમાં રહેલ અનેક પડકારોને દૂર કરવા તેમજ સ્ત્રી-સશક્તિકરણ માટે પોતાનું યોગદાન આપેલ છે.

❖ **ગાંધીજીના જીવનનો પરિચય :-**

મોહનદાસ કરમચંદ ગાંધી એટલે આપણા રાષ્ટ્રપિતા જેમના નામનું સ્મરણ થતા જ તેમની તસ્વીર આપની આંખો સામે આવી જાય છે. ગાંધીબાપુનો જન્મ ૨ ઓકટોબર ૧૮૬૯ અને વિક્રમ સંવત પ્રમાણે ૧૯૨૫ ની ભાદરવા વદ બારસના રોજ ગુજરાત રાજ્યના પોરબંદરમાં થયો હતો. પિતાનું નામ કરમચંદ ગાંધી હતું. તેઓ પોરબંદરમાં દિવાન હતા. તેમની માતાનું નામ પુતળીબાઈ હતું. તેઓ ધાર્મિક પૂજાપાઠમાં માનતા હતા. ગાંધીબાપુના લગ્ન કસ્તુરબા સાથે ૧૩ વર્ષની ઉંમરે ૧૮૮૧માં થયા હતા. તેમને ૧૮૮૭ માં મેટ્રિકયુલેશનની પરીક્ષા પાસ કરી હતી. ગાંધીજીએ આફ્રિકામાં અને ભારતમાં સ્વતંત્રતા માટે અહિંસક સત્યાગ્રહો તેમજ હિંદુ-મુસ્લિમની એકતા, અસ્પૃશ્યતા નિવારણ તથા હરિજનોની સ્થિતિ સુધારવા માટે ઘણાં પ્રયત્નો કર્યા.

ઈ.સ. ૧૯૪૮ ના જાન્યુઆરી માસની ત્રીસમી તારીખે ગાંધીજી સાંજની પ્રાર્થના માટે જઈ રહ્યા હતા ત્યારે નથુરામ ગોડસે નામના હત્યારાએ તેમની હત્યા કરી હતી. ગોળી વાગતા ગાંધીજીના મુખમાંથી 'હે રામ' શબ્દ નીકળ્યા હતા.

❖ **નારી મુક્તિ અંગે ગાંધીજીના વિચારો :-**

❖ **સ્ત્રીશક્તિ**

સ્ત્રીઓમાં ઈશ્વરે પ્રેમાળ હૃદય મૂકેલું છે અને તે બક્ષીસનો સદુપયોગ કરવો જોઈએ. આ શક્તિ મૂગી હોવાને કારણે વધુ અસરકારક છે અને શાંતિની પ્રતિનિધિ સારુ જ ઈશ્વરે સ્ત્રીઓને સર્જેલી છે. આત્મરક્ષા કે દેશની ઉન્નતિ અહિંસાથી જ થઇ શકે જે શક્તિ ઈશ્વરે બહેનોને આપી છે. સ્ત્રી તો ત્યાગની મૂર્તિ છે. સ્ત્રીઓમાં ઈશ્વરે પ્રેમાળ હૃદય મૂકેલું છે અને તે બક્ષીસનો સદુપયોગ કરવો જોઈએ. ગાંધીબાપુ સ્ત્રીઓની પાસે સ્વરાજ્યની ચાવી છે એમ માનતા હતા.

સ્ત્રી એટલે ત્યાગ અને તપશ્ચર્યાની સાક્ષાત મૂર્તિ. જાહેર જીવનમાં તેમના પ્રવેશથી બે પરિણામ આવવાં જોઈએ. એક તો વાતાવરણની શુદ્ધિ અને બીજુ મિલકત એકઠી કરવાના પુરૂષના લોભ ઉપર અંકુશ સ્ત્રીઓ અહિંસા, ધૈર્ય, સહનશીલતા અને ધર્મની સાક્ષાત મૂર્તિ છે. ગાંધીબાપુના મતે સ્વરાજની લડતની અંદર પુરૂષો કરતાં સ્ત્રીઓનો ફાળો વધારે હશે.

❖ **સ્ત્રીપુરૂષ સમાનતા**

સ્ત્રી અને પુરૂષ ચેતનાના બે સ્વતંત્ર અલગ ઘટકો નથી પણ એક જ સંપૂર્ણ ઘટકના બે અડધાં-અડધાં અંગ છે. કાયદા અને રૂઢિના જુલમ નીચે કચડાતી આવી છે. તેના માટે પુરૂષો જવાબદાર છે. ગાંધીજીના મતે સ્ત્રી-પુરૂષ વચ્ચે જે ભેદો કુદરતે મૂક્યા છે તે આપણે નરી આંખે જોઈ શકાય છે. એ સિવાયના કશા ભેદ માન્ય નથી. પુરૂષ અને સ્ત્રીનું સ્થાનભ્રષ્ટ થાય તો બન્નેનો નાશ થાય. બન્ને વચ્ચે સ્પર્ધા ન કરવી જોઈએ. સ્ત્રી-પુરૂષ વચ્ચે કોઈ જાતની અસમાનતા ન રાખવી જોઈએ. સ્ત્રી અને પુરૂષની સહચારિણી છે. તેના સરખા જ મનવાળી છે. પુરૂષની બધી પ્રવૃત્તિ સૂક્ષ્મતાએ જાણવાનો તેને અધિકાર છે. જેટલી છૂટ પુરુષ ભોગવે છે. તેટલી જ તેને ભોગવવાનો હક છે. સ્ત્રીને આપણા વેદાંતમાં અર્ધાંગના ગણેલ છે. ગાંધીજીના મત પ્રમાણે કાયદાએ સ્ત્રી અને પુરૂષ વચ્ચે કોઈ જાતની અસમાનતા રાખવી ન જોઈએ. દીકરા અને દીકરી વચ્ચે કોઈ જાતનો ભેદભાવ ન હોવો જોઈએ. જે કમાણી થાય તેમાં પતિ-પત્ની બન્ને સરખાં હકદાર છે.

❖ **સ્ત્રી કેળવણી**

મહાત્મા ગાંધીના મતે છોકરીઓને કેળવણી મળવી જોઈએ. ચારિત્ર્યઘડતર એ કેળવણીનું મુખ્ય અંગ છે. સદાચાર અને નિર્મળ જીવન એ સાચી કેળવણીનો પાયો છે. જો સ્ત્રીઓ પોતાની સ્વતંત્રતા મેળવવાની ઈચ્છા હોય તો પહેલું સાધન કેળવણી છે. ચારિત્ર્યનું ઘડતર કેળવણીનું પહેલું પગથિયું છે. બહેનોમાં એ સદ્‌ગુણ સહેજે જ ઈશ્વરે આપેલો છે. કન્યાઓને એવો કોઈ ધંધો શીખવો જેથી દુનિયાનો સામનો કરી શકે અને માબાપ કે ભાવિ પતિ ઉપર જ જાણે પોતાનો આધાર છે એમ તેને ન લાગે. પ્રાથમિક કેળવણી છોકરા-છોકરીઓની સાથે હોવી જોઈએ. જેથી તેમના વચ્ચે આદર રાખતા શીખે. કેળવણી માટે જેટલી સગવડની આવશ્યકતા પુરુષને હોય તેટલી જ સ્ત્રીને મળવી જોઈએ અને જ્યાં ખાસ સગવડની આવશ્યકતા હોય ત્યાં ખાસ સગવડ મળવી જોઈએ ત્યાં ખાસ સગવડ મળવી જોઈએ. બાળકેળવણી સ્ત્રીઓના જ હાથમાં હોવી જોઈએ. જે પ્રેમ અને ધીરજ સ્ત્રીઓ પાસે હોય છે તે પુરૂષો પાસે નથી હોતી. જે સ્ત્રીઓને માટે શિક્ષણની યોજના તૈયાર કરવાની છે. તેઓને જો માતૃભાષા દ્વારા શિક્ષણ મળશે તો તેઓ પોતાના ઘરસંસારને સોનાનો કરશે.

ગાંધીજી કહેતા કે "સ્ત્રીઓ માટે શિક્ષણ જરૂરી છે પણ તે સ્વાતંત્ર્યની પાછળ હોવું જોઈએ. સ્ત્રીઓના વિકાસ માટે અક્ષરજ્ઞાનની રાહ ન જોવી જોઈએ. ધર્મ સાચવવો એ તો સ્ત્રીઓના જ હાથમાં છે. સમાજનો પાયો ગૃહ છે અને ધર્મગૃહમાં કેળવવાનો છે. સ્ત્રીઓ જો

ધર્મ ન પાળે તો પ્રજાનું સત્યાનાશ વળી જાય. ગાંધીજી સ્ત્રીઓને પવિત્ર થઈને ધર્મનું પાલન કરવાનું કહે છે.

❖ **બાળલગ્ન**

મહાત્મા ગાંધી બાળલગ્નના વિરોધી હતા. તેઓ કહેતા કે જે માબાપો પોતાનાં છોકરાના બાળપણમાં લગ્ન કરે છે તેઓ તેમના દુશ્મન બને છે અને તેમને પરાધીન અને નમાણાં બનાવી મૂકે છે. નવયુવકોને ખાસ સલાહ આપતા કે સમાજનાશક બાળલગ્ન ઇત્યાદિ કુરૂઢિઓને વશ ન થાય. હિંદુસમાજમાં બાળવિવાહ સર્વત્ર પ્રચલિત છે. એ વચનની સત્યતા વિશે મને શંકા છે. કરોડો છોકરીઓ બાળવયમાં જ પરણે છે. એટલે કે સ્ત્રી તરીકે રહે છે એવું જણાય તો ગાંધીજીને ભારે ખેદ લાગતો. બાળવિવાહનો રિવાજ નૈતિક તેમજ શારીરિક પાપ છે. બાળલગ્ન જ જો ન થાય તો બાળવિધવા થવાપણું રહેતું જ નથી.

❖ **વિધવા જીવન**

ગાંધીબાપુના મતે સાચી હિંદુ વિધવા રત્ન સમી છે. હિંદુ વિધવાને ઘડીને વિધાતાએ હાથ ધોઈ નાખ્યા છે. સંયમને હિંદુ ધર્મના ઊંચામાં ઊંચા કોટિએ લઇ ગયો છે. વિધવા પૂજ્ય છે. તેનો તિરસ્કાર એ પાપ છે. પવિત્ર વિધવાના દર્શન શુભ શુકન છે. બાળવિધવાને આજીવન લગ્ન ન કરવા એવી એની ઈચ્છા હોય તેમ તેને બીજા લગ્ન કરવાની પણ ઈચ્છા હોવી જોઈએ.

પુરૂષ વિધુર રહે તો સ્ત્રીને પોતાનું વૈધવ્ય ભારે ન લાગે. વળી પુરૂષ વિધુર રહે તો હાલ જોવામાં આવતાં કજોડા અને બાળલગ્ન બંધ થાય. મોટી ઉંમરનો પુરૂષ નાની ઉંમરની સ્ત્રી સાથે લગ્ન કરી શકે. તેને કોઈ સજા ન થાય તેમ મોટી ઉંમરની વિધવા સ્ત્રીએ પણ લગ્ન કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

❖ **સતી**

સતી એ કે જે પતિ જીવતાં અને પતિના મરણ પછી સત્યપરાયણ રહી સેવા કરે અને મનથી, વાચાથી તથા કર્મથી નિર્વિકાર રહે. પતિની પાચલ આપઘાત કરવામાં જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. ખરી સતી પોતાનું સતીત્વ સપ્તપદીના સમયથી જ સિદ્ધ કરે છે. આવી સતી પતિના મૃત્યુની પાચલ દુ:ખ નહિ માને, ઘેલી નહીં થાય પણ પતિના બધા સદ્દગુણો પોતાનામાં પ્રકાશશે ને તેને અમર કરશે. સતીત્વ એટલે પવિત્રતાની પરાકાષ્ઠા એ પવિત્રતા આપઘાત કરીને સિદ્ધ ન કરાય. જીવીને તેનો કઠણ અમલ કરાય. પત્નીએ પતિ પાછળ બળી મારવાની પ્રથા ગમે ત્યારે દાખલ થઇ હોય પણ તે અજ્ઞાનમૂલક છે.

❖ **પડદા પ્રથા**

પડદાનો અર્થ લજ્જા, મર્યાદા, વિવેક છે પણ બહારથી દેખાવનો પડદો રાખો અને મન મેલું હોય તો તે પડદો શા કામનો? આપને ત્યાં બહેનોને લાજ કાઢવી પડે છે. આ લાજનો સાચો અર્થ જુદો જ છે. લાજ એટલે મર્યાદા જેને હૃદયની મર્યાદા હોય તેણે લાજ-પડદો શો? અને બહેનોએ પુરૂષોની શા માટે લાજ કાઢવી જોઈએ? પુરૂષો શુદ્ધ હૃદયના છે અને બહેનો નથી? સાચું પૂછો તો બહેનો જેટલી પવિત્ર અને શુદ્ધ હૃદયવાળી નીકળશે તેટલા પુરૂષો નથી. આ આપણી સામાજિક બદી જયારે

દૂર થશે ત્યારે જ બહેનો આગળ આવશે. પડદો રાખવો હોય તો સાચો પડદો દિલમાં રાખવો જોઈએ. ખોટો પડદો કાઢો. બહારથી પડદો રાખો અને મનમાં વિકારો ભર્યા હોય તો તે પાપ છે. ગાંધીજી લાજ-પડદાના કટ્ટર વિરોધી છે પણ મર્યાદા તો હોવી જ જોઈએ.

❖ **સ્ત્રી ઉન્નતી અને વિવિધ પ્રશ્નો**

પુરૂષે સ્ત્રી પ્રત્યે અન્યાય કર્યો છે ને હજુ કરે છે. પણ આનો ઉપાય છેવટે સ્ત્રીના જ હાથમાં છે. સ્ત્રી પોતે પોતાને અબળા માનતી મટી જાય તો જ આજે સ્વતંત્ર બની શકે છે. સ્ત્રીની સંપૂર્ણ સેવા જો સ્ત્રી જ કરશે. આપણી સ્ત્રીઓ કર્તવ્યપરાયણ ન બને ત્યાં સુધી આપણો ઉદ્ધાર નથી. સ્ત્રીઓએ તો ઈશ્વર અને તેની અપાર શક્તિનો વિચાર કરવો જોઈએ અને તેનો આધાર એ જ સાચો આધાર છે. આત્મવિશ્વાસ અને હિંમત કેળવવાની સાથે નમ્રતા, સાદાઈ, પરોપકાર આદિ સ્ત્રીસહજ ગુણોની ઈશ્વરી બક્ષીસ છે. તેનો સદુપયોગ કરવો જોઈએ. સ્ત્રીની સંપૂર્ણ સેવા તો સ્ત્રી જ કરશે. સ્ત્રીઓએ સ્ત્રીવર્ગમાં એટલું બધું કામ કરવાનું પડ્યું છે કે કેટલીક વાર તો કેટલીક એવી સ્ત્રીઓની સંસ્થા છે કે જ્યાં સ્ત્રી-કાર્યકરના અભાવે પુરૂષોએ કામ ઉપાડ્યું છે. જેનામાં આત્મા પૂર્ણપણે વિકસે એ જગદંબા થવા લાયક છે. સ્ત્રીઓને અંધ પ્રતિપ્રેમ શીખવવા કરતાં આપણે તેમને સ્વતંત્ર કરીએ અને તેમનો આત્મા પુરૂષદેહમાં રહેલા આત્મા જેટલો જ અધિકારી છે. એમ તેમને આપણા વર્તનથી બતાવીએ. સ્ત્રી પ્રત્યેક પુરૂષને પિતા, ભાઈ કે દીકરા તરીકે જુએ, દુષ્ટ રિવાજને વશ થવામાં પામરતા છે. તેનો વિરોધ કરવામાં પુરુષાર્થ છે. બહેનોની જે દિવસે જાગૃતિ થશે તે દિવસે દેશની પણ જાગૃતિ થશે. આપણા સમાજમાં જો કોઈ નિરાશા પામ્યું હોય તો તે સ્ત્રીઓ છે અને સ્ત્રીઓ નિરાશા પામી છે. તેથી જ આપણું અધ:પતન થયેલું છે. સ્ત્રી જો જાહેર જીવનમાં માત્ર પુરૂષોની રીતનું નર્યું અનુકરણ કરે તો તેથી જગતને આજના કરતા ઉંચી સ્થિતિએ લઇ જવામાં મદદ નહીં થાય.

❖ **ઉપસંહાર** :-

ગાંધીજીએ આપણા દેશના ઉત્થાન માટે જે અનેક પ્રવૃતિઓ હાથ ધરી તેમાં સ્ત્રીઉન્નતી પણ એક હતી. સ્ત્રીઓનો દરજ્જો પુરૂષો કરતાં કંઇક નીચો હતો. સ્ત્રીના જન્મને વધાવવામાં આવતો ન હતો. પરંતુ પુરૂષો પોતાને સ્ત્રીથી શ્રેષ્ઠ માનતા હતા. આવા કારણોથી ગાંધીબાપુએ સમાજમાં સ્ત્રીઓની ઉન્નતી માટે અનેક પ્રયાસો કર્યા છે.

❖ **સંદર્ભ સૂચી** :

૧. લલ્લુભાઈ મકનજી – સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ
૨. પુલકિત જોશી – ગાંધી જીવનપથ
૩. મથુરાદાસ ત્રિકમજી – સંક્ષિપ્ત આત્મકથા ગાંધીજી
૪. ડૉ. વસંત પટેલ – મહાત્મા ગાંધી અને મહિલા સશક્તિકરણ
૫. ડૉ. હસમુખ પંચાલ – ૨૧મી સદીમાં ગાંધીજીની દ્રષ્ટિએ મહિલાઓનો દરજ્જો.